# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૫-૧૧-૨૦૨૪ મંગળવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## મુખ્યમંત્રી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીના સાવરકુંડલા ખાતે 122 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ લોકોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, 500 વર્ષ બાદ પ્રભુ શ્રીરામ અયોધ્યાના નીજ મંદિરમાં બિરાજમાન થયા પછીની આ વખતે પહેલી દિવાળી હતી. જે 140 કરોડ દેશવાસીઓ માટે વિશેષ હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજે શહેરી વિકાસના બજેટમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્વર્ગીય ભગવાનભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## છઠ પૂજા:

ચાર દિવસની છઠ પુજાનો આજથી નહાય-ખાયની વિધી સાથે પ્રારંભ થયો છે. ભગવાન સૂર્યની ઉપાસનાનો આ તહેવાર 8 નવેમ્બરે પૂર્ણ થશે. આવતીકાલે મોડી સાંજે ખરના વિધી કરવામાં આવશે. ત્યારબાદ 36 કલાકનાં નિર્જળા ઉપવાસ શરૂ થશે. સાત નવેમ્બરે સાંજે ડૂબતા સૂર્ય અને શુક્રવારે સવારે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યા બાદ મહાપર્વનું સમાપન થશે.

જીલ્લાના ભુજ, ગાંધીધામ અને મુન્દ્રામાં ઉત્તર ભારતીય પરિવારો દ્વારા ધામધુમથી આ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

- (RNU અમદાવાદ, નેહલ ઠક્કર)

---

## ખરીફ પાક-ટેકાના ભાવે ખરીદી:

રાજ્ય સરકારે ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા દશમી નવેમ્બર સુધી લંબાવી છે. જે અન્વયે ખેડૂતો હવે ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે દશમી નવેમ્બર સુધી વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ દ્વારા કરાવી શકશે.

રાજ્યના વિવિધ ખરીદ કેન્દ્રો પર મગફળી , મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ અગિયારમી નવેમ્બર થી આઠમી ફેબ્રુઆરી 2025 સુધી કરાશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ છ હજાર 783 રૂપિયા, મગ માટે 8 હજાર 682 રૂપિયા, અડદ માટે સાત હજાર 400 રૂપિયા તથા સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ ચાર હજાર 892 રૂપિયા ટેકાના ભાવ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની પી.એમ. આશા એટલે કે, પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન યોજના અંતર્ગત પી.એસ.એસ. હેઠળ રાજયમાં આ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ-પ્રવાસીઓનો ધસારો:

દીપોત્સવીના તહેવારો બાદ પણ જિલ્લામાં પ્રવાસીઓ નો ધસારો જોવા મળી રહ્યો છે. જીલ્લા મથક ભુજ ખાતે આવેલ કચ્છ મ્યુઝિયમ ની સોમવારે એક જ દિવસમાં 2364 મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી . તો, પ્રાગમહેલ નજીક કચ્છ આર્ટ નામનું પ્રદર્શન પણ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રદર્શનમાં કચ્છી હસ્તકલાના કારીગરો દ્વારા તૈયાર કરાયેલ ચીજ વસ્તુઓના સ્ટોલ ઉભા કરાયા હતા..

આ ઉપરાંત ગત ચાર દિવસથી તીર્થધામ માતાનામઢ તથા નારાયણ સરોવર તીર્થધામ ખાતે પણ ભાવિકોની મોટી ભીડ જોવા મળી રહી છે . દરરોજ 30 થી 40 હજાર યાત્રાળુઓ માતાજીના દર્શન કરે છે. તો, પવિત્ર કારતક મહિનામાં પિતૃ તર્પણનો મહિમા હોવાથી નારાયણ સરોવર કોટેશ્વર તીર્થધામ ખાતે યાત્રાળુઓનો પ્રવાહ જોવા મળી રહ્યો છે.

- (NP, નેહલ ઠક્કર)

---

## જવાહર નવોદય વિદ્યાલય અરજી:

જવાહર નવોદય વિદ્યાલયમાં સત્ર ૨૦૨૫-૨૦૨૬માં ધોરણ નવ અને અગિયારમાં પ્રવેશ માટેની પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ નવમી નવેમ્બર કરવામાં આવી છે. નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં આ ફેરફાર કરાયો છે , જે અંતર્ગત ઇચ્છુક ઉમેદવારોએ **cbseltms.nic.in** વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરી શકશે.

- (NP, નેહલ ઠક્કર)

---

## કચ્છ એસટી-આવક:

દીવાળીના તહેવારો દરમિયાન કચ્છમાં જિલ્લા બહારથી સહેલાણીઓ ઉમટ્યા હતા. તો, સ્થાનિકે પણ મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. જેના પગલે તારીખ 26 મી ઓક્ટોબરથી ગઈકાલ સુધીમાં કચ્છ એસટી દ્વારા લાંબા અંતરની 40 વધારાની ટ્રીપો સહિત કુલ 118 ટ્રીપ પર બસો દોડી હતી. જેમાં 6 હજાર 443 મુસાફરોએ એસટીની સેવાનો લાભ લીધો હતો. જેને પગલે કચ્છ એસટી ને રૂપિયા 17 લાખ 14 હજાર 491 ની આવક થઈ હતી. જેમાં અંજાર ડેપોને સૌથી વધુ ૬ લાખ ૫૦ હજાર જેટલી આવક થઇ હતી.

- (NP, નેહલ ઠક્કર)

---

## ગાંધીધામ-નેત્રમ:

ગાંધીધામ સ્થિત કમાન્ડ કંટ્રોલરૂમ "નેત્રમ"ની પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમર દ્વારા સરપ્રાઇઝ વિઝીટ લેવામાં આવી હતી. લોકોને ટ્રાફિકને લઈ કોઈ પરેશાની ન થાય અને ટ્રાફિક નિયમનમાં સુધારો થાય તે માટે મુલાકાત લેવાઈ હતી.

પોલીસવડા દ્વારા આદિપુર તથા ગાંધીધામ શહેર વિસ્તારમાં તથા ટાગોર રોડ ઉપર લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરા દ્વારા થતી ટ્રાફિક નિયમનની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. આ ટ્રાફિક પોઇન્ટ ખાતે પોલીસ અધિકારી , કર્મચારીઓ અને તેમની મદદમાં ટ્રાફિક બ્રીગેડની હાજરીની તપાસ કરવામાં આવી હતી.

હવેથી "નેત્રમ" દ્વારા નિયમિત રીતે ટ્રાફિક પોઇન્ટ ઉપર મોનીટરીંગ કરવામાં આવશે અને જે અધિકારી તથા કર્મચારીઓ સારી કામગીરી કરશે તેમને પ્રોત્સાહન આપવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું.

- (NP, નેહલ ઠક્કર)

---